RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૨૪ તા.૧૦–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજુભાઈ સી. ઠક્કર
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટી.પી)
એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજુભાઈ સી. ઠક્કરની તા. ૧૬–૧૨–૧૧ની અરજીથી કતારગામ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો ઉપર જાહેરાતના હોર્ડિંગ લગાવેલ છે જેમાં ઊર્જા વિભાગના બોર્ડ નજરે પડે છે તેના ફોટા તા. ૧૩–૧૨–૧૧ના રોજ લીધેલા છે તે આ સાથે ફોટો સામેલ છે. ઉપરોકત જાહેરાતના બોર્ડ કોના દ્રારા અને કઈ એજન્સીએ લગાવ્યા છે અને કઈ તારીખથી કઈ તારીખ સુધીની જાહેરાતની ફી ભરી છે કાયદા વિરુદ્વના બોર્ડ હોય તો એસએમસીએ કોઈ પગલા લીધા છે કે નહીં તેની જાણ કરવી. તથા ઉપરોકત માહિતી અનુસાર જાહેર માર્ગ ઉપર લગાવામાં આવેલ બોર્ડના નાણા સુમપા ની તિજોરીમાં ન આવે અને કાયદાનું પાલન બરાબર થાય તો જાહેર પ્રજાના નાણા એસએમસીના ભંડોળમાં સમયસર આવે અને કાયદાનો ભંગ કરનારા કોણ છે તેની સચોટ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૪/૨૦૧૧–૧૨

શ્રી રાજુભાઈ સી. ઠક્કરની તા. ૧૬–૧૨–૧૧ની અરજીથી કતારગામ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો ઉપર જાહેરાતના હોર્ડિંગ લગાવેલ છે જેમાં ઊર્જા વિભાગના બોર્ડ નજરે પડે છે તેના ફોટા તા. ૧૩–૧૨–૧૧ના રોજ લીધેલા છે તે આ સાથે ફોટો સામેલ છે. ઉપરોકત જાહેરાતના બોર્ડ કોના દ્રારા અને કઈ એજન્સીએ લગાવ્યા છે અને કઈ તારીખ થી કઈ તારીખ સુધીની જાહેરાતની ફી ભરી છે કાયદા વિરુદ્વના બોર્ડ હોય તો એસએમસીએ કોઈ પગલા લીધા છે કે નહીં તેની જાણ કરવી. તથા ઉપરોકત માહિતી અનુસાર જાહેર માર્ગ ઉપર લગાવામાં આવેલ બોર્ડના નાણા સુમપા ની તિજોરીમાં ન આવે અને કાયદાનું પાલન બરાબર થાય તો જાહેર પ્રજાના નાણા એસએમસીના ભંડોળમાં સમયસર આવે અને કાયદાનો ભંગ કરનારા કોણ છે તેની સચોટ માહિતી આપવા બાબતે મળેલ માહિતી અધૂરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૦–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા નોર્થઝોન કક્ષાએથી પણ તબદીલી માટે વિલંબનું કારણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૧૮૩૬ તા.૨૪–૨–૧૨ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટી.પી), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારનેઅધૂરી માહિતીના દાવા અંગે મળેલ માહિતીની નકલ સહ અધૂરી માહિતી કઈ બાબતે છે તે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૬૨૮ તા.૬–૩–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૫૦ તા.૧૯–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૫૪૫ તા.૩૧–૧૨–૧૧ થી ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને પાઠવેલ પત્ર નં.ટીપીડી/ આ.નં. ૫૮૩૮ તા.૫–૧–૧૨ ની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૦૦ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૭૦૪ તા.૧૨–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, તા.૧૩–૧૨–૧૧ ના ફોટા કોપીની નકલ, ટાઉન પ્લાનીંગ

તરફથી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, અરજદારનો તા.૧૦–૨–૧૨ ના પત્રની નકલ, ફી ભર્યાની રસીદ, ટાઉન પ્લાનીંગને પાઠવેલ પત્ર નં.નોર્થઝોન/આ.નં.૮૬૬૬ તા.૦૯–૦૩–૧૨ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૭૫૦ તા.૧૯–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/ આ.નં.૬૫૪૫ તા.૩૧–૧૨–૧૧ થી સમય અવધિ બાદ ટાઉન પ્લાનીંગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૫૦૦ તા.૧૧–૧–૧૨ થી અરજીમાં જણાવેલ સ્ટ્રીટ લાઈટ પર લગાડવામાં આવેલ કિયોસ્ક બોર્ડની પરવાનગી આપવામાં આવેલ નથી અને ટાઉન પ્લાનીંગ ખાતામાં આ કિયોસ્ક પેટે કોઈ ફી ભરવામાં આવી નથી આ કિયોસ્ક અંગે ચકાસણી કરી તે દુર કરવા તથા નિયમોનુસાર કાર્યવાહી કરવા સબંધિત ઝોન કચેરી પ્રતિ જણાવવામાં આવેલ છે અને ચકાસણી બાદ કાયદાનો ભંગ કરનાર પ્રતિ નિયમોનુસાર કાર્યવાહી કરી શકાશે. તેવું સમય અવધિમાં જણાવેલ છે. જે અંગે અરજદારે અધૂરી માહિતી મળેલ હોય તેવું જણાવી તા.૧૦–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેની સાથે અરજદારે કઈ કઈ કંપનીના હોર્લ્ડિંગ બોર્ડ મુકવામાં આવેલા તે માહિતી તમોએ આપી નથી તેમજ કઈ એજન્સીએ કઈ તારીખથી કઈ તારીખ સુધી ગેરકાયદેસર બોર્ડ લગાડેલા તે અજન્સીનું નામ તથા કઈ તારીખે બોર્ડ ઉતારી પાડવામાં આવ્યા તેમજ જે તે બોર્ડ અંગે સુમપાએ કેટલો ટેક્ષ વસુલ કર્યો તેની માહિતી આપી નથી વિગેરે બાબતોની રજૂઆત કરેલ છે. જે અંગે ટાઉન પ્લનીંગ વિભાગ તરફથી અરજદારને આવી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તેમજ ફી ભરવામાં આવેલ નથી. તેવી દફતરી તેમજ તે અંગે નિયમોનુસારની જરૂરી કાર્યવાહી અંગે સંબધિત ઝોનને તેઓના પત્ર તા.૫–૧–૧૨ થી જણાવવામાં આવેલ છે. અને તે ચકાસણી બાદ કાર્યવાહી કરી શકાશે તેવી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે અંગે અપીલ સંદર્ભે અત્રેથી પૂરક વિગતો બાબતે બંને પક્ષકારો પાસેથી વિગતો માંગતા પત્રો પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર પાસેથી માહિતી મળ યાના સંદર્ભે અધૂરી માહિતીના દાવા અંગે મળેલ માહિતીની નકલ સહ અધૂરી માહિતી કઈ બાબતે છે તે મુદ્દાવાર આધારસહ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અપીલ તબકકે મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી અરજી સદર્ભે કતારગામઝોનને અરજદારની અરજીમાં જણાવેલ વિગત અન્વયે પ્રશ્ન હેઠળ કિયોસ્ક બાબતની ચકાસણી કરી યોગ્ય તે પગલા ભરવા તથા અનઅધિકૃત કિયોસ્ક દુર કરી સંબંધિત એજન્સીઓ પાસેથી વહીવટી ચાર્જ વસુલ લેવા સહિતના પગલા ભરવા માટે જણાવવામાં આવેલ છે. જેનો જવાબ અરજદારને નિયત સમય અવધિમાં પાઠવવામાં આવેલ છે. સ્ટ્રીટ લાઈટ ઉપર લગાડવામાં આવેલ કિયોસ્ક બોર્ડની પરવાનગી ટીપી તરફથી આપવામાં આવેલ નથી. આથી અરજદારના પ્રસ્તુત પ્રશ્નો અંગેની કોઈ માહિતી ઉપસ્થિત થતી નથી તેમજ કીયોસ્ક પેટે કોઈ ફી ભરવામાં આવેલ નથી તેવી માહિતી આપેલ છે જે અંગે જરૂરી કાર્યવાહી માટે પત્ર કતારગામઝોન પ્રતિ મોકલવામાં આવેલ છે. કતારગામઝોન તરફથી મળેલ પૂરક વિગતોમાં ટીપી વિભાગના પત્ર અનુસાર ચકાસણી કરી અનઅધિકૃત કીયોસ્ક દુર કરી સંબધિત એજન્સી સામે વહીવટી ચાર્જ વસુલ લેવા પગલા લેવા જણાવેલ. પરંતુ ઝોન ધ્વારા સાઈટ વીઝીટ કરતાં કીયોસ્ક ન હોવાનું જણાતા કઈ એજન્સી ધ્વારા લગાડવામાં આવેલ તે જાણી શકાયેલ નથી તેવું જણાવેલ છે. પરંતુ તેની વિગતોથી અરજદારને અવગત કરવામાં આવેલ જણાતા નથી જે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ધ્વારા અવગત કરાવવા રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૨–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારી નોર્થઝોન કક્ષાએથી નગર નિયોજકના પત્ર અન્વયે કરેલ ચકાસણી અને પાઠવેલ પત્ર સંબધી એજન્સી બોર્ડ અંગેની દફતરી માહિતીની વિગતો અરજદારને પાઠવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી રાજુભાઈ છોટાલાલ ઠકકર,